# રાજકોટ મહાનગરપાલિકા
## ભરતી અંગેની જાહેરાત

રાજકોટ મહાનગરપાલિકાની સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ શાખામાં નીચે જણાવ્યા મુજબની જગ્યાઓ સરકારશ્રીના મીનીમમ વેજીસના ધોરણે રોજમદાર સફાઇ કામદારો(પાર્ટ ટાઇમ)ની તા.૧૮/૦૮/૨૦૨૦, મંગળવાર, સમય ૧૬:૦૦ કલાક સુધીમાં અરજીઓ મંગાવવામાં આવે છે.

| ક્રમ | જગ્યાનું નામ | કુલ જગ્યા |
|---|---|---|
| ૧ | રોજમદાર સફાઇ કામદાર (પાર્ટ ટાઇમ) | ૪૪૧ |
| | કુલ | ૪૪૧ |
| | પગાર | પગાર સરકારશ્રીના વખતો વખતના બિન કુશળ કામદારના મીનીમમ વેજીસના ધારાધોરણ મુજબ |
| | વયમર્યાદા | વયમર્યાદા : ૧૮ થી ૪૦ વર્ષ |
| | અન્ય લાયકાત | • ઉમેદવાર અને તેનો પરિવાર ઓછામાં ઓછા ૨૦ કે તેથી વધુ વર્ષથી રાજકોટ શહેરનો રહેવાસી હોવો જોઇએ.<br>• ઉમેદવારના માતા / પિતા / દાદા / દાદી રાજકોટ મહાનગરપાલિકામાં સફાઇ કામદાર રહી ચુકયા હોય તેમને જ પસંદગી આપવામાં આવશે.<br>• ઉમેદવારના પરિવારના કોઇપણ વ્યક્તિ સરકારી/અર્ધ સરકારી, પબ્લિક સેકટર યુનિટમાં નોકરી ન કરતા હોવા જોઈએ. |

1. ઉક્ત જગ્યા પર ઉમેદવારી નોધાવવા માટે રાજકોટ મહાનગરપાલિકાની ત્રણેય ઝોનના સિવિક સેન્ટર ખાતે ઓફિસના સમય દરમ્યાન તા.૨૧/૦૭/૨૦૨૦ થી તા.૧૭/૦૮/૨૦૨૦ સુધીમાં નિયત અરજી ફોર્મ (નિ-શુલ્ક) મેળવવાનું રહેશે.
2. રાજકોટ મહાનગરપાલિકાની ત્રણેય ઝોનના સિવિક સેન્ટર ખાતેથી ઓફિસ સમય સવારે ૧૦:૩૦ થી બપોરે ૦૪:૦૦ દરમ્યાન તા.૨૮/૦૭/૨૦૨૦ થી તા.૧૮/૦૮/૨૦૨૦ સુધીમાં જરૂરી આધાર પુરાવા સાથેનું ભરેલ અરજી ફોર્મ જમાં કરાવવાનું રહેશે.
3. ઉમરના પુરાવા તરીકે જન્મનો દાખલો/સ્કુલ લિવીગ સર્ટી.ફિકેટની પ્રમાણિત નકલ રજુ કરવાની રહેશે.
4. રાજકોટ શહેરમાં ૨૦ કે તેથી વધુ વર્ષથી રહેતા હોવાના પુરાવા તરીકે ડોમીસાઇલ સર્ટીફિકેટ તેમજ જે તે વિસ્તારના કોર્પોરેટરશ્રીનો દાખલો રજુ કરવાનો રહેશે.
5. ઉમેદવારના માતા/પિતા/દાદા/દાદી રાજકોટ મહાનગરપાલિકામાં સફાઇ કામદાર રહી ચુકયા હોય, તેના પુરાવા રૂપે પેન્શન બુકની ખરી નકલ અથવા રાજકોટ મહાનગરપાલિકાનાં કાયમી સફાઈ કામદાર તરીકેની પગાર સ્લીપની ખરી નકલ તેમજ પેન્શન બુકમાં/પગાર સ્લીપમાં દર્શાવેલ વ્યક્તિ સાથેનો ઉમેદવારનો સંબંધ પુરવાર દર્શાવતા વારસાંઇ આંબાની ખરી નકલ રજુ કરવાની રહેશે
6. ઉમેદવારના પરિવારના કોઇપણ વ્યક્તિ સરકારી, અર્ધ-સરકારી કે પબ્લીક સેકટર યુનિટમાં નોકરી ન કરતા ન હોય, તે માટેનું નિયત કરેલ નમુના મુજબનું નોટરાઇઝડ (રૂા.૩૦૦/-ના સ્ટેમ્પ પેપર ઉપર) સોંગદનામું રજુ કરવાનું રહેશે.
7. ફક્ત જગ્યાની નિયત લાયકાત ધરાવતા ઉમેદવારોની જરૂરી આધાર-પુરાવા સાથેની જ અરજી સ્વીકારવામાં આવશે.
8. વયમર્યાદા માટે અરજી કરવાની છેલ્લી તારીખની સ્થિતિએ ઉમરની ગણતરી કરવામાં આવશે.
9. ઉમેદવારોએ ડોકયુમેન્ટ વેરીફીકેશન અર્થે જે સમયે અને સ્થળે ઓરીજીનલ ડોકયુમેન્ટ સાથે રૂબરૂ મળવા જણાવવામાં આવે ત્યારે અચૂક ઉપસ્થિત થવાનું રહેશે અન્યથા તેની ઉમેદવારી રદ થવા પાત્ર થશે.
10. ઉમેદવારોની આવેલ અરજીની સંખ્યાને ધ્યાને લઇ પાત્રતા ધરાવતા ઉમેદવારોમાંથી કોમ્પ્યુટરાઇઝ ડ્રો કરી, ઉમેદવારોની પસંદગી કરવામાં આવશે.
11. ભરતી પ્રક્રિયાનું કોઈપણ ફોર્મ કે સમગ્ર ભરતી પ્રક્રિયા કોઈપણ તબક્કે રદ કરવા અંગેની સંપૂર્ણ સત્તા રાજકોટ મહાનગરપાલિકા રહેશે જે તમામ ઉમેદવારોને બાધ્ય રહેશે. કાનૂની કાર્યવાહીના કિસ્સામાં ન્યાયક્ષેત્ર રાજકોટ રહેશે.
12. વધુ માહિતી માટે સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા, ત્રીજો માળ, રૂમ નં.-૨ નો સંપર્ક કરવો.

**કમિશનર**
**રાજકોટ મહાનગરપાલિકા**

# <u>સોગંદનામુ</u>

શ્રી/શ્રીમતી_________________________________ , ઉંમર વર્ષ_________

રહેવાસી_____________________________________________________

મારી ધર્મના સોગંદપૂર્વક આ સાથે જાહેર કરું છુ કે

શ્રી/શ્રીમતી/સ્વ_____________________________________ એ મારા સંબંધે માતા / પિતા / દાદા / દાદી થાય છે કે જેઓ રાજકોટ મહાનગરપાલિકામાં સફાઈ કામદાર તરીકે સને ___________ થી ____________ દરમ્યાન નોકરી કરતાં હતા.

હું અને મારા પરિવાર છેલ્લા _________ વર્ષ થી રાજકોટ શહેરના ______________ ________________________ વિસ્તારમાં વસવાટ કરીએ છીએ.

મારા પરિવારના સભ્યો નીચે મુજબ છે

| ક્રમ | પુરું નામ | ઉંમર વર્ષ | અરજી કરનાર સાથે સંબંધ | નોકરી/ધંધો |
|---|---|---|---|---|
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |

ઉપરોક્ત દર્શાવેલ કોઈપણ વ્યક્તિ સરકારી / અર્ધ સરકારી / પુબ્લિક સેક્ટર યુનિટમાં નોકરી કરતાં નથી.

ઉપર દર્શાવેલ તમામ વિગતો સંપૂર્ણપણે સાચી છે અને જે કોઈપણ તબક્કે ખોટી પૂરવાર થવાના કિસ્સામાં મારી નોકરી માટેની ઉમેદવારી રાજકોટ મહાનગરપાલિકા દ્વારા રદ/અયોગ્ય ઠેરવી શકે છે જેની મને જાણ છે.

તારીખ :___________ ______________________

સ્થળ :_____________ સહી / અંગૂઠાનું નિશાન

# રાજકોટ મહાનગર સેવા સદન

''ડૉ. આંબેડકર ભવન'', ઢેબરભાઈ રોડ, રાજકોટ – ૩૬૦ ૦૦૧.
સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા, ત્રિજો માળ, રૂમ નં.૨

ઉમેદવારે તાજેતરનો પાસપોર્ટ ફોટો ચોંટાડી તેના પર સહી કરવી

| | |
|---|---|
| અરજી નં. : | જગ્યાનું નામ : રોજમદાર સફાઈ કામદાર (પાર્ટ ટાઈમ) |
| જાતિ : સ્ત્રી / પુરૂષ | મોબાઈલ નં. : |

| | નામ | પિતા/પતિનું નામ | અટક |
|---|---|---|---|
| ઉમેદવારનું પૂરૂ નામ : | | | |

| | |
|---|---|
| પત્રવ્યવહારનું પુરૂ સરનામું : | |

| | તારીખ | માસ | વર્ષ |
|---|---|---|---|
| જન્મ તારીખ : | | | |

**શૈક્ષણિક લાયકાત : પ્રમાણિત આધારોની ઝેરોક્ષ નકલ જોડવી :**

| ક્રમ | પાસ કરેલ પરિક્ષા | પાસ કર્યાનું વર્ષ | ટકાવારી |
|---|---|---|---|
| | | | |
| | | | |
| | | | |

**અનુભવની વિગત : પ્રમાણિત આધારોની ઝેરોક્ષ નકલ જોડવી :**

| ક્રમ | સંસ્થા/પેઢી/કચેરીનું નામ સરનામું અથવા શાખાનું નામ | હોદ્દો | પગાર ધોરણ રૂા. | અનુભવનો સમયગાળો ક્યાંથી ક્યા સુધી |
|---|---|---|---|---|
| | | | | |
| | | | | |
| | | | | |
| અન્ય વિગતો : | | | | |

**સૂચના :-** (૧) ઉમેદવારોએ ડોકયુમેન્ટ વેરીફીકેશન અર્થે જે સમયે ને સ્થળે ઓરીજીનલ ડોકયુમેન્ટ સાથે રૂબરૂ મળવા જણાવવામાં આવે ત્યારે અચૂક ઉપસ્થિત થવાનું રહેશે અન્યથા તેની ઉમેદવારી રદ થવા પાત્ર થશે.
(૨) છેકછાક, અધુરી માહિતીવાળા, અપુરતા આધાર–પુરાવા સાથેના અરજી ફોર્મ સ્વીકારવામાં આવશે નહીં.
(૩) ભરેલ અરજી ફોર્મ ત્રણેય ઝોનની કચેરી ખાતે ઓફિસ કામગીરીના દિવસો દરમ્યાન સવારે ૧૦.૩૦ થી ૪.૦૦ કલાક (બપોરે ૨ થી ૨.૩૦ રીશેસ) સુધી જ સ્વીકારવામાં આવશે.
(૪) ભરેલ અરજી ફોર્મ ભરતી અંગેની જાહેરાતમાં દર્શાવેલ તારીખો દરમ્યાન જ સ્વીકારવામાં આવશે.

**બિડાણ :-** (૧) જન્મ તારીખના આધારની નકલ (જન્મનો દાખલો / સ્કૂલ લીવીંગ સર્ટીફીકેટ)
(૨) રહેણાંકના આધાર માટે ડોમીસાઈલ તથા કોર્પોરેટરશ્રીનો દાખલો
(૩) ઉમેદવારના માતા/પિતા/દાદા/દાદી રાજકોટ મહાનગરપાલિકામાં સફાઈ કામદાર રહી ચુકયા હોય, તેના પુરાવા રૂપે પેન્શન બુકની ખરી નકલ અથવા રાજકોટ મહાનગરપાલિકાનાં કાયમી સફાઈ કામદાર તરીકેની પગાર સ્લીપની ખરી નકલ
(૪) પેન્શન બુકમાં દર્શાવેલ વ્યક્તિ સાથેનો ઉમેદવારનો સંબંધ પુરવાર દર્શાવતા વારસાંઈ આંબાની ખરી નકલ
(૫) નિયત નમુના મુજબનું નોટરરાઈઝડ સોંગદનામું
(૬) શૈક્ષણિક લાયકાતના સર્ટીફિકેટની પ્રમાણિત નકલ
(૭) અનુભવના આધારની પ્રમાણિત નકલ

હું આથી એકરાર કરું છું કે, મેં ઉપર જણાવેલ તમામ વિગતો તદ્દન સાચી અને સંપૂર્ણ છે. જો તે ખોટી જણાય તો મારી નોકરી માટેની ઉમેદવારી રદ કરવા તેમજ મારી સામે જે પગલાં લેવાય તે મને સંપૂર્ણપણે બંધનકર્તા રહેશે. રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનનાં પ્રવર્તમાન અને વખતો–વખત થનાર તમામ નિયમોનું પાલન કરવા હું આથી લેખિત બાંહેધરી આપું છું.

ઉમેદવારની સહી / : ____________________
અથવા અંગૂઠાનું નિશાન

તારીખ : ______ / ______ / ૨૦૨૦

સ્થળ : રાજકોટ

ઉમેદરવારનું નામ : ____________________